# ગૃહસ્થ માટે વૈધુર્યથી મોટો કોઈ શાપ ન હોઈ શકે..

- કેશુભાઈ દેસાઈ

વીધુર તો ખુદ રામ પણ થયા છે. સીતાએ અગ્નીપરીક્ષામાંથી હેમખેમ પાર ઉતર્યા પછી પણ રાજભવનના વૈભવ ત્યજી ધરતીના ખોળે સમાઈ જવું પસંદ કર્યું. રામ તો રાજા હતા. રાજધર્મ નીભાવવા માટે એમણે નીર્દોષ પત્નીને પણ દુઃખી દુઃખી કરી મુકી. પંચવટીમાં સીતાના વીરહમાં આંસુ સારતા રામ વનવાસ પુરો કરી અયોધ્યા પાછા ફરે છે; લંકાવીજયનો હરખ છે; પરંતુ એ આનંદ લાંબો ટકતો નથી. પ્રજાજનો પોતાની રાજરાણી વીશે ઘસાતું બોલે, એ એમનાથી જીરવાતું નથી. સીતાની અગ્નીપરીક્ષા પછી પણ એનો ત્યાગ કરવો પડે તે કેવી વીડંબના છે ! 'રાજા' રામચંદ્રજીએ સામે ચાલીને વીધુરાવસ્થા વહોરી લીધી છે. એકલતાની પીડાનો અંજામ પણ કેવો દુઃખદ ! ઈશ્વરનો અવતાર બનીને આવેલા એકવચની, એક બાણથી ધાર્યું નીશાન વીંધનારા અને એક પત્નીવ્રત પાળનારા 'મર્યાદા પુરુષોત્તમ' રામ અંતે સરયુમાં જળ સમાધી લઈ લે છે. વીધુરાવસ્થાથી મોટો શાપ હોઈ શકે ખરો ? ગૃહસ્થજીવનના કેંદ્રમાં પત્ની હોય છે. ઘર આખું એની આસપાસ ફેરફુદરડી ફરતું રહે છે. ગૃહીણી એ જ ઘર છે - ગૃહીણી ગૃહમુચ્યતે. ગૃહીણી વગરનું ઘર ઘર નથી રહેતું - એ અખાડો બની જાય છે, પછી ભલે ને એ રાજાનું જ ઘર કેમ ન હોય ! આપણા સદાબહાર સાક્ષર-નાટ્યાચાર્ય ચંદ્રવદન ચીમનલાલ મહેતા વીધુર નહોતા; છતાં એ એકલા રહેતા હતા. પત્ની મીત્રના પ્રેમમાં છે એવું જાણતાંવેંત, એમણે બે 'મળેલા જીવો'ને ભેગા કરી આપ્યા. પરંતુ એમના એકલવાસ દરમીયાન એમનું ઘર સાવ જ લઘરવઘર બની ગયેલું. લખનારે એની મુલાકાત લીધી ત્યારે એ નરી 'પુરુષની ગંધ ઓકતા ઉકરડા' જેવું લાગેલું.

વીધુરની માનસીકતા વીશે મહાનીબંધ લખી શકાય. ગમે તેવો પ્રેમાળ પરીવાર હોય - જનારાં એમની પાછળ લીલી વાડી મુકીને ગયાં હોય તો પણ; 'બેકલાં'માંથી 'એકલા' બની ગયેલા પુરુષજીવ માટે દુનીયા ફીક્કી બની જતી હોય છે. સ્ત્રી વીધવા બન્યા પછી પણ; એના કુટુંબમાં ભળી જઈ શકે છે - કદાચ એનામાં રહેલું માતૃવાત્સલ્ય એને પતીનો વીયોગ સહન કરી લેવામાં મદદરુપ થતો હશે. એને મન આમેય 'ઘરવાળા' કરતાં 'ઘર' જ વધારે પ્રાયોરીટી ધરાવતું હોય છે. માતા બન્યા પછી એનો પત્ની તરીકેનો રોલ ગૌણ બની જાય છે ! આથી ઉલટું, પુરુષ માટે આજીવન પ્રાયોરીટી એની પત્ની અથવા વીકલ્પે પ્રેમીકા જ ભોગવતી હોય છે. બાળકો એની ક્ષતીપુર્તી કરી શકતાં નથી. પુત્ર ભલે 'પુ' નામના નરકમાંથી તારનારો લેખાયો હોય પણ મહદંશે એ પ્રતીસ્પર્ધી જ બની રહે છે. આ મનોવૈજ્ઞાનીક સ્પર્ધાનો ભોગ બનનારો પીતા આખરે હાર સ્વીકારી લે છે. શાસ્ત્ર પણ એ જ ઈચ્છે છે - પુત્રાત્ શિષ્યાત્ ઈચ્છેત્ પરાભવમ્ ! પુત્રનો વીજય ઈચ્છવો, પોતા કરતાં એ સવાયો સાબીત થાય, એની આગવી ઓળખ ઉભી કરે; બલકે ખુદ માતા-પીતા પુત્રના નામે ઓળખાતાં થાય - ત્યાં સુધીની શુભેચ્છાઓ કબુલ; પરંતુ પેલી શરણાગતીવાળી સલાહ ઉંમરે

પહોંચેલા વડીલોને ન જચે - ન પચે એ પણ સ્વાભાવીક છે. આગળ વર્ણવેલ એનઆરઆઈ કાળી મજુરી કરીને પેટીયું રળી લેશે; પણ પુત્રમ્ શરણમ્ વાળી સુફીયાણી સલાહ સ્વીકારશે નહીં; પુત્રનો વાંક પણ નહીં કાઢે. વટના માર્યા આવા વડીલો દોષનો ટોપલો તો પરંપરાની રુએ બીચારી પુત્રવધુના શીરે જ ઢોળતા રહેશે ! મેં આવી સલાહ ક્યારેક ખુદ મારા જ પરીવારના એક આદરણીય મુરબ્બીને આપી હતી. એમણે ગૃહત્યાગ જેવો અઘરો અને આકરો વીકલ્પ સ્વીકાર્યો; પણ પુત્રનું શરણું ન સ્વીકાર્યું તે ન જ સ્વીકાર્યું. વીધુર વડીલો માટે મન મુકવાનું ઠેકાણું હોય તો એ કદાચ દીકરી છે; દીકરો નહીં જ. એથી બદલાયેલા સામાજીક સંજોગોમાં હું દીકરીના બાપને વધારે ભાગ્યશાળી ગણું છું. અગાઉના જમાનામાં દીકરીના ઘરે પાણી પીવામાં પણ પાપ મનાતું. ડાકોરમાં આવો એક આદર્શ વૃદ્ધાશ્રમ છે, જ્યાં આ લખનારને કેટલાંક એવા વડીલોનો સંપર્ક થયો જે દીકરીના ઘરે ન રહેવું પડે એટલા ખાતર વૃદ્ધાશ્રમમાં રહેવા આવી ગયાં છે. પ્રશ્ન તો એકનો એક જ રહે છે : પુત્ર સાથે રહેવું ગમે; પણ આપણે પુત્રવધુને ન ગમીએ. એનાં બાળકોને નવી નવી વાનગીઓ ખવરાવે, આપણને વાસી, ચાવ્યું ચવાઈ ન શકે એવું સુકુંપાકું એંઠું-જુઠું પીરસીને અપમાનીત કરે. જાણે ભીખારીને ખાવાનું આપતી હોય એમ અવળે મોઢે લુખ્ખું સુકું થાળીમાં ધરબી ચાલતી થઈ જાય... આ ઉંમરે આવી ઓશીયાળ તે શેં સહન થાય ? કશું કહેવા જઈએ તો આખા ગામ વચ્ચે ફજેત ફજેત કરી મુકે... હવે આ જ બધું દીકરીના ઘરે રહેનાર વડીલને પણ સહન કરવું પડે. દીકરી બીચારી દુઃખી દુઃખી થઈ જાય. આંસુ સારે. એને તો વૃદ્ધ માબાપને ઘણાંય સાચવવાં હોય; પણ સાસરીયાંને એ ખંટાય ખરાં ? રોજેરોજ મેણાંટોણાં સાંભળવા પડે. નાછુટકે દીકરી જ એક દીવસ છાતી પર પથ્થર મુકીને હાથ જોડી દે : બાપુ, તમારું અપમાન મારાથી નથી વેઠાતું... આવાં ‘સુખ’ તો આકરાં પડે ! એવું નથી કે બધા પુત્રો વહુઘેલા જ હોય. કેટલાક જમાઈ પેટના જણ્યા કરતાં સવાયા નીકળે, એ પણ બનવાજોગ. પરંતુ બદલાયેલા સંજોગોમાં આવી કુટુંબભાવના બહુ ઓછી જોવા મળે છે. સંયુક્ત કુટુંબ એ ચલણમાંથી બાકાત થઈ ગયેલો સીક્કો છે. એને પશ્ચીમની અસર કહીને આપણે બચવાનો ડોળ જરુર કરી શકીએ; પણ છાતી ઉપર હાથ રાખી સાચું કહેવાનું હોય તો સંયુક્ત કુટુંબમાં પડી રહેવાનું મને કે તમને - કોઈને પણ ગમતું નથી, એ હકીકત છે - કઠોર સત્ય છે !

આવા સંજોગોમાં ‘વીધુરવીવાહ’ની ઝુંબેશ જ ઉપાડવી પડે કે બીજું કંઈ ? ક્યારેક સુધારકોએ વીધવા–વીવાહ માટે ઝુંબેશ ઉપાડી હતી. એ વખતે ‘વીધુરવીવાહ’ તો બહુ જોરમાં હતા. સાઠ-પાંસઠ વરસનો વૃદ્ધ વીધુર પંદર-સોળ વરસની કાચી કુંવારી કન્યા પરણી લાવતો. આવા પુનર્લગ્ન કરનારા વીધુરો પાછા સમાજમાં પ્રતીષ્ઠીત લેખાતા ! એમને કોઈ હોંશીલી બાળાનું જીવતર રગદોળ્યાનો લેશ પણ વસવસો ન રહેતો. હીંદીના મહાન નવલકથાકાર મુનશી પ્રેમચંદની નવલકથા ‘નીર્મલા’ આવી જ થીમ પર લખાયેલી અત્યંત લોકપ્રીય કૃતી છે. મારી શરુઆતની આંચલીક નવલ એકમાં વનબા નામની ક્ષત્રીય વીધવાની વ્યથાકથા આલેખાઈ છે. ખોટા

ખાનદાનીના ખ્યાલોમાં એવી તો અસંખ્ય વનબાઓ વધેરાઈ ગઈ છે. ઓગણીસમી સદીના પુર્વાર્ધમાં ભારતીય સ્ત્રી વીશે વીવીધ સ્તરે ચીંતન શરુ થયું. રાજા રામમોહન રાય જેવા ક્રાંતીકારી વીચારકોની પહેલથી સતી પ્રથા પર નીયંત્રણ આવ્યું અને વીધવાવીવાહની ઝુંબેશ આરંભાઈ. ભદ્રલોકમાં વીધુર પુરુષ તો સ્મશાનમાં પત્નીની ચેહ પણ ઠરી ન હોય ત્યાં નવી પરણેતર લાવવાનાં સપનાં જોવા લાગતો. ઝવેરચંદ મેઘાણીની નવલીકા 'વહુઘોડો' આવી નૃશંસ પ્રણાલીનું હૃદયવીદારક ચીત્ર રજુ કરે છે. ન વાંચી હોય તો જરુર વાંચજો. લખનારની 'જોબનવન' નવલકથા પણ વાંચવા વીનંતી છે ! પરંતુ હવે તો સમય બદલાતાં વીધવાવીવાહ લગભગ સર્વસ્વીકૃત પ્રથા બની ગઈ છે. બલકે યુવાન વયની વીધવા પુત્રવધુને ખુદ સાસરીયાં પોતાને ઘેર માંડવો રોપી પરણાવતાં થયાં છે. સમાજમાં આવેલા આ પરીવર્તનને આપણે આવકારીએ છીએ તો પછી એક ડગલું આગળ વધી ઉંમરલાયક વડીલોને એમની હુલતી જીન્દગીમાં કોઈનો હુંફાળો સહચાર સાંપડે એવું કેમ ન વીચારીએ ? જે વડીલોને બદલાયેલા સંજોગો અને આધુનીક જીવનશૈલીને અપનાવ્યા પછી આપણે સરખી રીતે સાચવી શકતાં નથી, એમને તુટેલી જીવનદોરીમાં ગાંઠ લગાવી નવી જીન્દગી શરુ કરવા માટે પ્રોત્સાહીત કેમ ન કરીએ ? હું તો આવા ઉમદા કૃત્યને અડસઠ તીરથની જાત્રા કરતાં વીશેષ પુણ્યવંતુ ગણું. ખુદ ગાંધીજીએ એક તબક્કે સરલાદેવી સાથે લગ્ન કરી દઈ નવું જીવન શરુ કરવાનું વીચારેલું. એ જમાનો જુદો હતોઃ યુવાનવયે વીધુર થયેલા નહેરુને કે વીધવા ઈંદીરાને પુનર્લગ્નની છુટ નહોતી !

મનુષ્ય માત્રને સહચાર ખપે છે, સહવાસ ગમે છે. એકલતા જેવી અઘરી કોઈ સજા ન હોઈ શકે. વીધુર પુરુષ સમાજમાં એકલોઅટુલો પડી જતો હોય છે. એને એનું ઘર પણ સંઘરતું નથી. એને એના જોગી 'કંપની' મળી જાય તો નરક બની ગયેલું એનું ઘડપણ 'ગળપણ'માં ફેરવાઈ જશે. શરુ શરુમાં એ કદાચ થોડી આનાકાની પણ કરે; સંકોચ અનુભવે. 'હવે આ ઉંમરે આ શા વરઝોળા ! ઘરડી ઘોડીને લાલ લગામ શોભે ખરી ?' - જેવી પ્રતીક્રીયાઓ પણ સાંપડશે. પરંતુ એક વાર શરુઆત થશે, પછી આવાં વ્યવધાનો આપમેળે શમી જશે. 'વિધવા વિવાહ'ના પુરસ્કર્તાઓને પણ ઓછું સહન નથી કરવું પડ્યું. વયસ્ક વીધુર-વીવાહની આ નવી ઝુંબેશમાં વયસ્ક વીધવાઓએ પણ હિંમતભેર સામેલ થવું રહ્યું. 'સેક્સ' તરફ સુગાળવી નજરે જોતા આપણા જુનવાણી સમાજને આ પ્રકારના કાર્યક્રમોમાં રસ લેતો કરવો એ લોઢાના ચણા ચાવવા જેવું અઘરું કામ છે. અલબત્ત, એ જ સમાજની ત્રીજી પેઢી એનાં દાદા-દાદીને હોંશે હોંશે 'સેટ' કરવા જરુર આગળ આવશે. આપણે આજે જે મુદ્દે શરમ-સંકોચ રહે છે, તે આવનારાં વર્ષોમાં રોજબરોજનો જીવન-વહેવાર બની રહેવાનો છે; જરૂર છે તો એક સલામત 'ટેક ઑફ'ની. વયસ્ક વીધુરોને સેક્સ કરતાં વધારે જરુર સહચારની છે, એ કહેવાની જરુર ખરી ?

- કેશુભાઈ દેસાઈ

'મુમ્બઈ સમાચાર' દૈનીકમાં વર્ષોથી ચાલતી ડૉ. કેશુભાઈ દેસાઈની 'ઘમ્મર વલોણું' કૉલમમાંથી લેખકશ્રીની પરવાનગીથી સાભાર...

સર્જક–સમ્પર્ક : ડૉ. કેશુભાઈ દેસાઈ, 13, ઐશ્વર્ય–1, પ્લોટ નં. 132, સેક્ટર–19, ગાંધીનગર–382 021 ફોન : 079-2323 1188, મોબાઈલ : 98745 43132

Website : http://www.keshubhaidesai.com/

સોર્સ : http://www.bombaysamachar.com/frmStoryShow.aspx?sNo=51256

@@@

'સન્ડે ઈ-મહેફીલ - 'વર્ષ: આઠમું- અંક: 255 – October 21, 2012

'ઉંઝાજોડણી'માં અક્ષરાંકન: ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com

@@@

# તમે શીખ્યા કે ?

બ્લોગમાં, ફેસબુકમાં, સ્કાઈપમાં, ચેટીંગમાં, મેઈલમાં કે વર્ડમાં આમ જ, કર્સર અહીં જ મુકી, ફટાફટ ગુજરાતીમાં લખતાં તમને ફાવ્યું કે ? જો હજી ક્યાંક બીજે લખી, તેની કૉપી કરી, અહીં પેસ્ટ કરવાની ઝંઝટથી થાક્યા હો તો http://lakhe-gujarat.weebly.com/ ની મુલાકાત લો.

તે માટેની સઘળી સામગ્રી ત્યાં મુકેલી જ છે. સુચવ્યા મુજબ કરો ને સ્ક્રીન પર ગુજરાતીમાં લખવા સક્ષમ બનો.. કશી પણ ગુંચ આવે તો અમને મેઈલ લખો.. તમે લખતા ન શીખી જાઓ ત્યાં સુધી અમે તમારી સાથે રહીશું.. uttamgajjar@gmail.com ..Surat..

@@@

**More than 1,67,20,000 Gujarati Language lovers have visited**
**http://www.gujaratilexicon.com/**

**More than 14,80,000 have visited Digital Bhagwadgomandal**
**http://www.bhagwadgomandal.com/**

**More than 3,50,000 have visited Lokkosh**
**http://lokkosh.gujaratilexicon.com/**

@@@@@@@@@@@